R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા .
(મો)૯૮૨૫૧૬૯૩૮૬
વેબ સાઈટ : http:// jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

YEAR-26 • ISSUE: 33 DATE: 19-08-2017• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## હું દેશને અસહિષ્ણુ બનતા અટકાવી ન શક્યો : પ્રણવ મુકરજી

એક સપ્તાહ પહેલાં રાષ્ટ્રપતિભવનને અલવિદા કહેનારા પ્રણવ મુકરજીએ દેશમાં પ્રવર્તતી અસહિષ્ણુતા પર આકરા પ્રહાર કર્યા હતા.અને અસહિષ્ણુતા પર ચાલી રહેલી ચર્ચા પર આકરુ રાજકીય નિવેદન કરતાં પુર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીએ જણાવ્યુ હતુ કે હું ભારતને અસહિષ્ણુ બનતા અટકાવવામાં નિષ્ફળ રહ્યો છું.ઉપરાષ્ટ્રપતિપદેથી વિદાય લેતા હામિદ અન્સારીએ દેશમાં લઘુમતી સમુદાયો ભય અનુભવી રહ્યા હોવાનો આરોપ મુક્યો હતો તે પછી રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીએ પોતાના વિચારો પ્રગટ કર્યા હતા.તેમણે કહ્યુ હતું કે મને ભારત અસહિષ્ણુ બને તે સ્વીકાર્ય નથી.ભારત માતાનો અભિગમ એક સંવેદનશીલ બાબત છે અને તેને ધાર્મિક ઓળખ સાથે સાંકળવો જોઈએ નહીં.

તુલમુલ કોગ્રેસના સાંસદ અને ઈતિહાસકાર સુગાતા બોઝના પુસ્તકનું વિમોચન કરતાં પ્રણવ મુકરજીએ જણાવ્યુ હતું કે હું દલીલ કરનાર ભારતીયને સમજુ શકું છું. હું ઉગ્ર વાર્તાલાપ,ચર્ચા અને વિરોધને પણ સમજી શકું છું.પરંતુ મારા મતે હું ભારતને અસહિષ્ણુ બનતા અટાકવવામાં નિષ્ફળ ગયો છું. દલીલ કરનાર ભારતીય સ્વીકાર્ય છે.દરેકને દલીલ કરવાનો અધિકાર છે.પરંતુ અસહિષ્ણુ ભારત સ્વીકાર્ય નથી.

વર્તમાન સમયમાં ભારત માતા પરની ચર્ચાની ટીકા કરતાં પ્રણવદાએ જણાવ્યુ હતું કે આપણે બ્રિટિશ શાસની ગુલામીમાંથી મુક્ત થવા માટે આપણા દેશને માતાની ઉપમા આપી હતી. ભારતમાં જ દેશને માતા કહેવાય છે તેવું નથી.રશિયામાં મધર રશિયાની પ્રતિમાં આવેલી છે. જર્મનીમાં દેશને ફાધરલેન્ડ કહેવાય છે. દેશને માતા કહેવો એ એક લાગણીસભર માનવીય અંદાજ છે. જેને કોઈ ધાર્મિક ઓળખ સાથે સાંકળી શકાય નહીં. પ્રણવદાએ વિવિધ સમુદાયો વચ્ચે સાંસ્કૃતિક એકતાની હાકલ કરતાં આપણે ભવિષ્યમાં કેવા પ્રકારના દેશનું નિર્માણ કરવા માંગીએ છીએ તેના પર તંદુરસ્ત ચર્ચા હાથ ધરવા પર ભાર મુક્યો હતો.

સુગાતા બોઝે જણાવ્યુ હતું કે અત્યારે રાષ્ટ્રવાદ અને બિનસાંપ્રદાયિકતા પર ચર્ચા કરવાની જરુર છે.ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરે સંકુચિત રાષ્ટ્રવાદનાં ભયસ્થાનો જણાવ્યાં હતા.

## ઉત્તરપ્રદેશની મદરેસાઓમાં સ્વતંત્રતા દિવસ ઉજવવો ફરજીયાત : દેશભક્તિનો ટેસ્ટ લેવાની શરુઆત

યુપીની યોગી આદિત્યનાથની સરકારે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવા તમામ મદરેસાઓ(ઈસ્લામીક સ્કુલો)ને સુચના આપી છે.અને સમગ્ર ઈવેન્ટની વીડીયોગ્રાફી કરવા કહ્યુ છે. આ સુચનાને કારણે ભારે વિવાદ ઉભો થયો છે. મદરેસા સંચાલકોનું કહેવું છે કે આ સુચનાનો મતલબ એમ થયોકે તેમની દેશભક્તિ પર આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ ઈવેન્ટ ૧૫ ઓગષ્ટે ઉજવાવી જોઈએ અને તેમાં ત્રિરંગો ફરકાવવાનો રહેશે. રાષ્ટ્રગીત ગાવાનું રહેશે અને આઝાદીના લડવૈયાઓને શ્રધ્ધાંજલી આપવાની રહેશે તેવી સુચના એક સર્ક્યુલર થકી અપાઈ છે.લઘુમતિ કલ્યાણ મંત્રી લક્ષ્મી નારાયણ ચૌધરીએ કહ્યુ છે કે આનાથી વિદ્યાર્થીઓને પ્રેરણા મળશે અને આઝાદીના લડવૈયાઓના ફાળા અંગે તેઓ વધુ જાણશે.વિદ્યાર્થીઓ ફોટોગ્રાફ્સ અને વડીયો થકી આ ઉજવણીની યાદીનો સંગ્રહ કરી શકશે.આ બાબત અન્યો માટે પ્રેરણાના મુળ તરીકે કામ કરશે તેમણે ઉમેર્યું હતું કે અગાઉની સરકારોની જેમ અમે ખુશામતના રાજકારણમાં માનતા નથી, અમે રાષ્ટ્રવાદી માનસિકતા ધરાવતી સરકાર છીએ.જો કે હવે આ બાબતે ઘણા વિવાદો સર્જ્યા છે.આઝાદીની લડતમાં કોણે ભાગ લીધો હતો તેનો ઈતિહાસ ભણાવવો જરુરી છે.કારણકે જેમનો કોઈ લાગભાગ આઝાદીની ચળવળમાં નહોતો તેમને દેશભકિતનુ શુરાતન ઉપડ્યું છે અને તેઓ બીજાને દેશપ્રેમનું પ્રમાણપત્ર ઉભુ કરવાનું કહે છે તેવું જાહેરમાં મીડીયામાં કહેવાઈ રહ્યું છે.

## ક્રિકેટ ટીમ ઇન્ડીયાએ દેશને સ્વતંત્રતા દિવસની ભેટ આપી,૮૫ વર્ષમાં પ્રથમવાર ભારતે વિરોધીટીમનો વ્હાઇટવોશ કર્યો

વિદેશી ધરતી પર ભારતની આ ૭૮મી સીરીઝ હતી.જે પૈકી આ ૧૮મી જીત હતી.ભારતે પ્રથમ વાર ૩-૦થી વ્હાઈટ વોશ કરવામાં સફળતા મેળવી હતી.૧૯૩૨થા ભારતે ટેસ્ટ ક્રિકેટ રમવાની શરુઆત કરી હતી. પ્રથમવાર ઈગ્લેન્ડના લોર્ડસના મેદાન પર એક માત્ર ટેસ્ટ સીરીઝમાં સી.કે.નાયડુએ ભારતની કેપ્ટનશીપ સંભાળી હતી.અત્યાર સુધીમાં ભારત તરફથી ટેસ્ટ ક્રિકેટમાં કુલ ૩૩ કેપ્ટન બન્યા છે. જેમાં એક માત્ર કોહલીએ આ સિધ્ધિ અપાવી છે. વિદેશી ધરતી પર ભારતને સૌથી પહેલા ૧૯૬૮માં ટાઈગર પટૌડીના નેતૃત્વમાં ન્યુઝીલેન્ડને ચાર ટેસ્ટ મેચની સીરીઝમાં ૩-૧થી પરાજય આપ્યો હતો.તે પછી કપિલદેવની કેપ્ટનશીપમાં ૧૯૮૬માં ત્રણ ટેસ્ટની સીરીઝમાં ઈગ્લેન્ડ સામે ૨-૦થી જીત મેળવી હતી.૨૦૦૪મા રાહુલ દ્રવિડની કેપ્ટનશીપમાં પાકિસ્તાનને ૨-૦થી પરાજય આપ્યો હતો.આ ઉપરાતં બે ટેસ્ટમેચની સીરીઝમાં ભારતે બાંગલાદેશને ૨૦૦૪-૦૫માં ૨-૦થી હાર આપી હતી.૨૦૧૫માં કોહલીની કપ્તાનીમાં ભારતે શ્રીલંકાને




૨-૧થી પરાજય આપ્યો હતો.અને આખરે વિરાટ કોહલીની કેપ્ટનશીપમાં ભારતીય ક્રિકેટ ટીમે શ્રીલંકાને તાજેતરમાં ત્રીજી ટેસ્ટમાં કચડી નાંખીને ટેસ્ટ સીરીઝમાં ઐતિહાસિક વિજય મેળવ્યો હતો.વિદેશી ધરતી પર ત્રણેય ટેસ્ટ જીતવા માટે ભારતે ૮૫ વર્ષ સુધી રાહ જોવી પડી હતી.

## ગોરખપુરમાં હોસ્પીટલમાં ઓક્સીજનના અભાવે અનેક બાળકો મોતને ભેટ્યા

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના સંસદીય મતવિસ્તાર ગોરખપુરની બીઆરડી મેડિકલ કોલેજ હોસ્પીટલમાં ઓક્સીજનના અભાવે ૨૪ કલાકમાં બાળ દર્દીઓના મોતનો આકડો વધતો જ ગયો.અહેવાલો અનુસાર હોસ્પીટલને ઓક્સિજન પુરો પાડતી કંપનીએ પોતાના નાણાં નહીં મળતા ઓક્સીજનનો પુરવઠો અટકાવી દીધો હતો.પરિણામે આ કરુણ ઘટના બની હતી.મૃત્યુ પામનાર તમામ બાળકો એનએનયુ અને ઈસેફેલાઈટીસ વોર્ડમાં સારવાર લઈ રહ્યા હતા.

જ્યારે જ્યારે આવી કરુણ ઘટનાઓ આકાર લે છે ત્યારે સરકારી તંત્રની નફટાઈ હદ વટાવી જાય છે.ભુલકાઓના મોત નિપજ્યા છે ત્યારે તંત્ર ભુલો કોઈની ઉપર થોપી દેવા પ્રયત્નો આદરી રહ્યું છે.હોસ્પીટમાં ઈસેફેલાઈટિસ વોર્ડમાં ૧૦૦ બેડ છે તેમાં ૭૩થી ૫૪ બાળકોને વેન્ટીલેટર પર સારવાર આપવામાં આવી રહી હતી.આ ઘટનાના બે દિવસ પહેલાં મુખ્યમંત્રી આદિત્યનાથે આ હોસ્પીટલની મુલાકાત લીધી હતી. જો કે હવે આ મુખ્યમંત્રીના મત વિસ્તારમાં આવેલી હોસ્પીટલ હોવાથી આ ઘટનાને કારણે મુખ્યમંત્રીની ઈમેજ બગડતી હોવાથી તાત્કાલિક તપાસ સોપી દેવામાં આવી છે અને કેટલાકને નોકરીમાંથી સસ્પેન્ડ કરી દેવાયા છે. આવા આદેશો કે તપાસોનો શુ અર્થ સરશે. કારણકે જે લોકોએ પોતાના વ્હાલા બાળકોને ઓક્સીજન વગર તરફડીને મરી જતાં જોયા છે.તેમના આક્રોશને કોણ ઠારશે ?

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

### જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

કાશ્મીર,મંદિર,ગાય વિગેરે મુદ્દાઓ પર સત્તાપક્ષના મુખ્ય મુદ્દાઓ સાથે,સરકારી નિર્ણયો નોટબંધી,જીએસટી વિગેરે જોડાયા હોવાને કારણે આરોગ્યનો પ્રશ્ન સાવ વિસરાઇ ગયો છે.જો કે ગાયોના અકુદરતી મોતનો આંકડો બહુ મોટો છે છતાં જેના માટે રાજકારણ રમાઇ રહ્યું છે તેમને ગાયોના અકુદરતી મોત સાથે કોઇ લેવાદેવા જેવું દેખાતું નથી.છેલ્લા ત્રણ વર્ષમાં કાશ્મીરમાં ગોળીઓ વરસાવીને શાંતિ ઉભી કરવાનો પ્રયાસ સફળ થયો નથી.હવે સરકારે ગોળીઓથી નહીં પરંતુ ગળે લગાડીને કાશ્મીરનો પ્રશ્ન ઉકેલવાની વાત કરી છે.હવે આ એક પ્રયત્ન પણ કરી જુઓ.ભરોસો બેઉ પક્ષોએ કરવાનો છે પહેલ કોણ કરે છે તે નક્કી કરવાનું છે. બોલવું અને કરી બતાવવું બેઉ વચ્ચે બહુ મોટો તફાવત છે. જો કે સંઘીય વિચારધારામાં લોકોને વડાપ્રધાનનું વલણ ગમ્યુ નથી પરંતુ તેમાં તેઓ હાલમાં કશું કરી શકે તેમ નથી.જેમ જેમ સમય આવતો જશે તેમ તેઓ તેમની પ્રતિક્રિયા બદલતા રહેશે.

ખેર,લાલ કિલ્લા પરથી વડાપ્રધાનના ભાષણમાં વધુ કંઇ કહેવા જેવું હતું નહી તેમ વિપક્ષો કહી ચુક્યા છે તે પ્રમાણે વડાપ્રધાને માત્ર ૫૫ મિનિટમાં સમાપન કરી દીધું.સરકારી મીડીયાઓએ આ બધુ બીરદાવ્યું પરંતુ હકીકતને વધુ પડતી દબાવી દેવાની કોશીશ માત્ર પ્રજાને ડંખે છે. ગોરખપુર હોસ્પીટલમાં કુલ મૃત્યુ આંક ૭૧ બાળકો સુધી પહોંચી ગયો અને હજુ વધી શકે પરંતુ સરકારી આલમ અને તુમારશાહી કાચબાગતિથી કામગીરી બજાવી રહી છે.અને પ્રજા પોતાના સંતાનો ગુમાવી રહી છે.ગોરખપુરથી અમદાવાદ અને ગુજરાતની સ્થિતિમાં ફર્ક દેખાતો નથી સ્વાઇન ફ્લુ થી કુલ મૃત્યુ આંક ૨૨૦ પર પહોંચી ગયો છે અને આરોગ્ય વિભાગ હજુ પણ નિદ્રાધિન છે.ખરેખર જાડી ચામડીવાળા અને તુમારશાહીના એદી બનેલાઓ માટે પ્રજાએ પોતાનો આક્રોશ વ્યક્ત એવી રીતે કરવો જોઇએ કે સમગ્ર સરકારી આલમમાં રોકેટ ગતિએ કામ કરવા લાગે.પ્રજાને નુકશાન થાય છે તેમાં રાહ જોવા કરતાં સુરક્ષિત કાર્યોથી જાન બચાવી શકાય તેમ કરવું જોઇએ.અમદાવાદ મ્યુ.કોરપો. દ્વારા લોકજાગૃતિ આવે તે માટે ચોપાનિયા વહેચવાના ચાલુ કર્યા છે.પરંતુ ખરેખર સ્વાઇન ફ્લુના માટે જાહેર સમારંભો અને તહેવારોની ઉજવણીમાં હજારો લોકો ભીડમાં એકઠા થઇ રહ્યા છે તેના માટે કારગત ઉપાયો યોજવા જોઇએ.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પલેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨


# ઉપરાષ્ટ્રપતિ તરીકે હમીદ અંસારીની વિદાય



ભારતના ઉપરાષ્ટ્રપતિપદનો ૧૦ વર્ષનો કાર્યકાળ પુરો કર્યા બાદ હામિદ અંસારીને વિદાય આપવામાં આવી હતી. વડાપ્રધાન મોદીએ ઉપરાષ્ટ્પતિના વિદાય પ્રસંગે પ્રશંસાના ફુલો વરસાવ્યા હતા. મોદીએ કહ્યુ હતું કે અંસારી મુસલમાનોની લડાઇ લડતા હતા. હમીદ અંસારીજી પશ્ચિમ એશિયામાં ડિપ્લોમેટ રહ્યા છે. તે પછી તેઓ અલ્પસંખ્યક આયોગના અધ્યક્ષ રહ્યા છે.ત્યારબાદ અલીગઢ મુસ્લીમ યુની. ના કુલપતિ રહ્યા છે.છેલ્લા દસ વર્ષમાં તેઓ એક અલગ જવાબદારી નિભાવતા હતા. સવિધાનના દાયરામાં રહીને તેમણે ગૃહને ચલાવ્યુ હતું. તેમની સાથે જ્યારે પણ મુલાકાત થઇ ત્યારે કશુંકને કશું શીખવાનું મળ્યું છે.

વિદાયમાન પ્રસંગે હામીદ અન્સારીએ આપેલા ભાષણમાં લોકશાહીમાં લઘુમતી સમુદાયની સુરક્ષા જરુરી હોવાનું નિવેદન કર્યુ હતું. તેનાથી શાસક પક્ષ ભાજપમાં ચડભડ થઇ હતી.તેણે મુસલમાનોની નેતાગીરીનો આરોપ તેમની પર ઠોકી દીધો હતો.અંસારીએ રાજ્યસભામાં પોતાના આખરી ભાષણમાં સરકારને એવી સલાહ આપી હતી કે લઘુમતી સમુદાય સુરક્ષા મહેસુસ કરે તેની તમામ જવાબદારી સરકારની છે.અંસારીએ કહ્યુ કે ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણને કહેલું કે લઘુમતીઓની સુરક્ષા જરુરી છે. લોકશાહીમાં ત્યારે અન્યાય થાય છે જ્યારે વિપક્ષોને સરકારની નીતિઓની ટીકા કરવાથી રોકવામાં આવે છે.પોતે દેશમાં વધી રહેલી અસહિષ્ણુતાનો મુદ્દો વડાપ્રધાન મોદી સામે ઉઠાવ્યો હતો.એમ પણ તેમણે કહ્યુ હતું.અંસારીના આ નિવેદનની સામે ભાજપે તરત પ્રતિક્રિયા આપી હતી અને કહ્યુ હતું કે ભારતમાં મુસલમાનો સુરક્ષિત છે.ભાજપના ઉપરાષ્ટ્રપતિ વેંકેયા નાયડુએ કહ્યુ હતું કે ભારત દુનિયાનો સૌથી સહિષ્ણુ દેશ છે.આવી વાતો માત્ર રાજકીય દુષ્પ્રચાર છે.નાયડુએ અંસારીનું નામ લીધા વગર કહ્યુ હતું કે કેટલાક લોકો કહી રહ્યા છે કે લઘુમતીઓ અસલામત છે. આ રાજકીય પ્રોપેગન્ડા છે.સમગ્ર વિશ્વની સરખામણીમાં લઘુમતીઓ ભારતમાં વધુ સલામત અને સુરક્ષિત છે.અને તેમને તેમના અધિકાર મળી રહ્યા છે.

સમાચાર એજન્સી પીટીઆઇને આપેલા ઇન્ટરવ્યુમાં અંસારીએ કહ્યુ હતું કે દેશમાં આજે મુસ્લીમ સમુદાય ગભરાયેલો છે.અને અસુરક્ષા મહસુસ કરી રહ્યો છે.તે આકલન એકદમ યોગ્ય છે.દેશના અલગ અલગ હિસ્સાઓમાં મને એવી વાતો સાંભળવા મળે છે.ભારતનો સમાજ સદીઓથી બહુલતાવાદી રહ્યો છે.પણ સહુને સ્વીકાર્યહોય તેવો માહોલ હવે ખતરામાં છે.

તેમણે કહ્યુકે લોકોની ભારતીયતા પર સવાલ કરવાની માનસિકતાની પ્રવૃતિ પણ બેહદ ચિંતાજનક છે. લોકો પર ભીડના હુમલાઓ વધી રહ્યા છે.અંધશ્રધ્ધાને કારણે થઇ રહેલા વિરોધમાં હત્યાઓ થવા માંડી છે.અને કથિત ઘરવાપસીના મામલે ભારતીય મુલ્યોમાં વિઘટન આવી રહ્યું છે.તેમણે કહ્યુ કે આવા તબક્કે કાયદાકીય કાર્યવાહી કરવાની સરકારી અધિકારીઓની ક્ષમતા અલગ અલગ સ્તરે ખતમ થઇ રહી છે.રાજ્યસભામાં તેમણે કહ્યુ કે જો સરકારની ટીકા કરવાની સ્વતંત્રતા ન આપવામાં આવે તો લોકશાહી આપખુદશાહીમાં પલટાય જાય છે.તમામ ગ્રુપને ટીકાનો અધિકાર છે અને સંસદમાં તેમની આલોચના થકી કોઈ વિક્ષેપ ઉભો થવો જોઇએ નહીં.

# આધાર કાર્ડ મૃત્યુ નોંધણી માટે પણ ઓક્ટોબરથી ફરજીયાત બનશે

સરકારે જણાવ્યુ છે કે હવે મૃત્યુનોધણી માટે પણ આધાર નંબર જરુરી છે.ગૃહમંત્રાલયે જણાવ્યુ હતું કે જે વ્યક્તિની મરણ નોંધણી કરાવવી હોય તેનો આધાર નંબર હોવો જરુરી છે.મંત્રાલયે આ હેતુસર જાહેરનામું બહાર પાડ્યું છે. હાલમાં સરકાર ૧૨૨ યોજનાના અમલમાં આધારનો ઉપયોગ થઇ રહ્યો છે.પહેલી જુલાઇથી રિટર્ન ફાઇલ કરવા પણ પાન નંબર આધાર નંબર સાથે લિંક કરેલો હોવો જરુરી બન્યું છે.

ગૃહમંત્રાલયના જણાવ્યા પ્રમાણે કે ઓળખ કૌભાંડથી બચવા માટે પહેલી ઓક્ટોબરથી મરણપ્રમાણપત્ર બનાવવા માટે આધારનંબર જુરરી બની રહેશે.આ નિયમ દેશના તમામ રાજ્યોમાં અમલી બનશે.જો કે હાલમાં જમ્મુ કાશ્મીર,આસામ અને મેઘાલયમાં આ નિયયનો અમલ નહીં થાય. તે રાજ્યો માટે અમલની તારીખની જાહેરાત અલગ જાહેરનામાંથી કરવામાં આવશે.

મરણ પ્રમાણ પત્ર માટે અરજી કરનાર અરજદાર મૃતકના આધાર નંબર કે નોંધણી આઇડી વિષે જાણકારી ના ધરાવતી હોય તો તેણે જાહેર કરવું પડશે કે તેની જાણકારી મુજબ મૃતક આધાર નંબર ધરાવતા નહોતા. અપાનારી કોઇપણ ખોટી માહિતી આધાર એક્ટ ૨૦૧૬ તેમજ જન્મ-મરણ નોધણી કાયદા ૧૯૬૭ હેઠળ ગુનો બની રહેશે. આધાર કાયદો કહે છે કે આવા અપરાધ બદલ એક વર્ષની સજા અને અથવા રુપીયા૨૫૦૦૦નો દંડ થઇ શકે. રજીસ્ટ્રાર જનરલ ઓફ ઇન્ડીયા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશના જન્મ-મરણ નોંધણી માટે જવાબદાર વિભાગોને જાહેરનામાંનો અમલ થાય તે માટે સુચનાઓ આપી છે.

મરણ નોંધણી માટે આધારનો ઉપયોગ શરુ થતાં મૃતકના સબંધીઓ કે આશ્રિતો દ્વારા મૃતક વિષે આપવામાં આવેલી માહિતી ચકાસી શકાશે.મૃતકની ઓળખ રેકોર્ડ પર લેવામાં મદદ મળશે. તે ઉપરાંત મૃતકની ઓળખ પ્રસ્થાપિત કરવા આપવા પડતા સંખ્યાબંધ દસ્તાવેજોની જરુરીયાત પડશે નહીં.

જો કે સરકારે૧૨૨ જેટલી યોજનાઓમાં આધાર નંબર સામેલ કરી દીધેલ હોવાથી નાગરિકોની સ્પષ્ટ ઓળખ સાબિત થઇ જશે.હવે માત્ર ઇલેકશન કાર્ડમાં આધારને લીંક કરી દેવામાં આવે તો બોગસ વોટીંગ પ્રથા દુર થશે.


**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**

**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**

# ગુજરાતે ભરી વિકાસની ઊંચી ઉડાન

પાંચ દિવસ સુધી પુરપીડીતોની પડખે સરકાર
અતિવૃષ્ટિ-પુરથી તારાજ બનાસકાંઠા અને પાટણ જિલ્લાના
અસરગ્રસ્તો માટે આપ્યું રૂ.૧૫૦૦ કરોડનું ઉત્તમ રાહત પેકેજ

ગુજરાતના વિકાસને મળી ગતિ

યુવાઓને કારકીર્દી ઘડતર માટેની સ્વતંત્રતા
૭૨૦૦૦ યુવાઓને સરકારી નોકરી : ૧૦ લાખ યુવાઓને ખાનગી નોકરી
૩.૫૦લાખથી વધુ યુવાઓને નજીવી કિંમતે ટેબલેટ
મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના : રાજ્યના તમામ્ જ્ઞાતિ વર્ગનાયુવાઓને શિક્ષણ,કૌશલ્ય અને રોજગાર માટેની ઐતિહાસિક યોજના

ખેડુતોને વિકાસ માટેની સ્વતંત્રતા
૧,૨૫,૦૦૦થી વધુ પેન્ડીગ કૃષિ વીજજોડાણ પુરા કરવાનો નિર્ધાર
ખેડુતોને એકજ સર્વે નંબરમાં બીજું કૃષિ વીજ જોડાણ
રૂ.૧૬૦૦ કરોડની તુવેર,મગફળીના ટેકાના ભાવે ખરીદી કરી ખેડુતોને હુંફ આપી
પ્રધાનમંત્રી પાક વીમા યોજના : ૧૩ લાખથી વધુ ખેડુતોને વીમા સુરક્ષા કવચ

ગુજરાતને લીલાછમ વિકાસની સ્વતંત્રતા
સૌની યોજનાથી સૌરાષ્ટ્ર-કચ્છમાં સમૃધ્ધિ : ૧૧૫ જળાશયો નર્મદા નીરથી છલકાશે
સુજલામ સુફલામ યોજનાથી સિંચાઇનું શ્રેષ્ઠ વ્યવસ્થાપન : ઉત્તર ગુજરાતના ૪૧૭ જળાશયો છલકાયાં
નર્મદા ડેમના દરવાજા થયા બંધ અને ખુલ્યા ગુજરાતના સમધ્ધિના દ્વાર

સામાન્યજનને વિકાસની સ્વતંત્રતા
સંવેદનશીલ સરકારના જનહિતના પોણા પાંચસો નિર્ણયો
સેવાસેતું કાર્યક્રમઃનાગરિકોની ૬૮ લાખથી વધુ રજુઆતોનું ઘરઆંગણે જ હકારાત્મક નિરાકરણ
વનબંધુઓના સશક્તિકરણ માટે પેસા એક્ટની જોગવાઇનો સઘન અમલ

મહિલાઓને વિકાસની સ્વતંત્રતા
મહિલા રોજગારલક્ષી ભરતી મેળા : ૨૦ હજારથી વધુ મહિલાઓની રોજગાર માટે પસંદગી
મેડીકલ કોલેજમાં ભણતી દીકરીઓને મફત શિક્ષણ
ઉજ્જવલા યોજનાથી ધુમાડાયુક્ત બન્યું જીવન : રાજ્યના ૮ લાખથી વધુ ગરીબ પરિવારોની મહિલાઓને ચુલો ફુંકવામાંથી રાહત

રાજ્યકક્ષાનો દવજવંદન સમારોહ
સંસ્કારી નગરી વડોદરા ખાતે
સ્વાતંત્ર પર્વની સૌને હાર્દિક શુભકામના

દેશની આઝાદીમાં મહામુલુ યોગદાન આપનાર
રાષ્ટ્રપુરુષોને કોટિ કોટિ વંદન
શ્રીવિજય રુપાણી મુખ્યમંત્રી,ગુજરાત રાજ્ય
શ્રી નીતિન પટેલ,નાયબ મુખ્યમંત્રી ગુજરાત રાજ્ય

# રામજન્મભુમિ-બાબરી અંગે ૫મી ડિસેમ્બરથી સુનાવણી શરુ થશે અને કોઇપણ સંજોગોમાં પ્રક્રિયાની મોકુફી નહી કરાય

સુપ્રીમ કોર્ટે પાંચ ડિસેમ્બરથી રામ જન્મભુમિ-બાબરી મસ્જીદ ટાઇટલ વિવાદ કેસમાં અંતિમ સુનાવણી શરુ કરવાનો નિર્ણય કર્યો છે.તેણે સ્પષ્ટતા કરી છે કે કોઈપણ સંજોગોમાં પ્રક્રિયાની મોકુફી નહીં કરાય.અયોધ્યામાં રામ મંદિર અને બાબરી મસ્જીદ ટાઇટલ વિવાદ કેસમાં સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઇ હતી. કોર્ટે આ કેસ સાથે સંકળાયેલા કાગળ અને દસ્તાવેજોનું અનુવાદ કરવા માટે ત્રણ મહિનાનો સમય આપ્યો હતો.

સુનાવણી દરમિયાન સુન્ની વકફ બોર્ડે કહ્યું છે કે મુળ ઐતિહાસિક દસ્તાવેજ સંસ્કૃત,ફારસી,ઉર્દુ અને અરબીમાં છે. અને તેના અનુવાદનું કામ હજુ પુર્ણ થયું નથી. તે પછી કોર્ટે તેમાં ત્રણ મહિનાનો સમય આપ્યો હતો. આ કેસની સુનાવણી પાંચમી ડિસેમ્બરથી શરુ થશે.ત્રણ જજોની ખાસ બેન્ચે આ કેસની સુનાવણી કરી હતી.સુપ્રીમમાં આશરે સાત વર્ષના ગાળા પછી કેસની સુનાવણી થઈ હતી.



કોર્ટે કહ્યુ હતું કે સાત ભાષા ધરાવતા દસ્તાવેજનું અનુવાદ સૌથી પહેલાં કરાશે.કોર્ટે સ્પષ્ટ કર્યું કે સાત ભાષા ધરાવતા દસ્તાવેજોનો પહેલા અનુવાદ કરવામાં આવે. અયોધ્યા ટાઇટલ વિવાદ છેલ્લા છ વર્ષથી પેન્ડીગમાં છે.

# કાશ્મીરની સમસ્યા ગોળીઓથી નહીં ઉકેલાય : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

દેશના ૭૦માં સ્વાતંત્ર દિવસ નિમિત્તે લાલ કિલ્લા પરથી પોતના રાષ્ટ્રજોગ પ્રવચનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ હતું કે કાશ્મીરની સમસ્યા ગોળી કે ગાળોથી નહીં ઉકેલાય,તમામ કાશ્મીરીઓને ભેટવાથી તેમને અપનાવવાથી જ આ સમસ્યા ઉકેલાશે.તેમના ભાષણમાં ન્યુ ઈન્ડીયા માટે સંકલ્પ લેવાની વાત કરી હતી.ગોરખપુરની હોસ્પીટલમાં બાળકોના મોત અંગે દુઃખ વ્યક્ત કર્યુ હતું.ત્રણ વર્ષમાં સૌથી ટુંકુ આ પ્રવચન ૫૫ મીનીટનું હતું. આ પ્રસંગે તેમણે વીરતા પુરસ્કાર મેળવનારા અને બલિદાન આપનાલા લોકો વિશે નવી પેઢીને માહીતી આપતી એક પોર્ટલ પણ લોન્ચ કરી હતી.

દેશના ૭૦માં સ્વતંત્રતા દિવસ નિમિત્તે લાલ કિલ્લા પરથી રાષ્ટ્રજોગ આપેલ સંદેશામાં વડાપ્રધાને કહ્યુ હતું કે સમગ્ર દેશ સ્વતંત્રતા દિવસ અને જન્માષ્ટમી એક સાથે ઉજવણી કરી રહ્યો છે.સુદર્શન ચક્રધારી મોહનતી લઈને ચરખાધારી મોહન સુધીનો આપણો ઐતિહાસિક સાંસ્કૃતિક વારસો છે. તેમણે કહ્યુ કે ભારત કોઈપણ પ્રકારના સુરક્ષા સબંધિત પડકારને પહોચી વળવા સક્ષમ છે.તે સમુદ્ર માર્ગે હોય કે સરહદ પરનો હોય, ચીન સાથે દોકલામ મામલે ચાલુ ઘર્ષણ વચ્ચે આ નિવેદન મહત્વનું છે.

# ચીને દોકલામ સરહદ પર વધુ સૈનિકો ગોઠવતાં સમાધાનની શક્યતાઓ નહિવત બની રહી છે

છેલ્લા કેટલાક દિવસોથી દોકલામ સરહદ પર ચીની સૈનિકોની જમાવટ અને તેમનું પ્રચાર યુધ્ધને કારણે સીમા વિવાદ ઘટવાને બદલે વકરતો જાય છે.પરિણામે ઘર્ષણ હવે વધુ ઉગ્ર બને તેવી સંભાવનાઓ દેખાઇ રહી છે.ચીને સરહદ પર વધુ સૈનિકો તહેનાત કરી દેતાં બંન્ને દેશો વચ્ચેની તંગદીલી વધી રહી છે.બીજા બાજુ ચીનના વિશ્લેષકોનો દાવો છે કે ચીન આ મામલે કોઈ સમાધાન નહીં કરે. મતલબ ભારતે જ પીછેહઠ કરવી પડશે.વિશ્લેષકોએ જણાવ્યુ હતું કે ભ ારતે ચીનના વિસ્તારમાં સૈનિકો મોકલીને ચીનની તાકાતને નજરઅંદાઝ કરી છે. પીપલ લિબરેશન આર્મી દોકલામ વિસ્તારમાંથી એક કીલોમીટર દુર આશરે ૮૦ ટેન્ટ બાંધી દીધા છે.અને સૈનિકોની ગોઠવણ કરીને યુધ્ધની કોઇ રણનીતિને અંજામ આપવા માંગતી હોય તેમ લાગે ચે. જો કે ચીને કોઇ એક સંપુર્ણ બટાલિયન ગોઠવી નથી.હાલમાં ઘર્ષણના સ્થળે ચીનના ૩૦૦ જેટલા સૈનિકો તો ગોઠવાયેલા છે.ભારતે તેની સામે ૩૫૦ સૈનિકો ગોઠવ્યા છે.ભારતે આ સ્થળથી હજુ સુધી કોઈ પીછેહઠ કરી નથી.બીજી ભારતીય સેનાએ ઓપરેશન એલર્ટ હાથ ધરવાનું નક્કી કર્યું છે.સેનાના યુનિટ્સ આ બે અઠવાડિયા લાંબી વાર્ષિક તાલીમમાં લશ્કરી ઓપરેશનની તૈયારી કરે છે.જો કે ભારતીય સેનાએ આ સ્થળેથી કોઇ અસામાન્ય હેરફેર નો ઈન્કાર કર્યો છે.એક વિશ્લેષકનું કહેવુ છે કે ચીને અત્યાર સુધી ઘુસણખોરી શબ્દનો ઉપયોગ કર્યો નથી.જે ચીનની ગુડવીલ છે.અમે તે સરળ શબ્દો પ્રવેશ કે અતિક્રમણનો ઉપયોગ કરી રહ્યુ છે.તેમણે ઉમેર્યું કે અમે સારાની આશા રાખીએ છીએ.પરંતુ ચીનની સરકાર અને લશ્કર આ મુદ્દે કોઈ સમાધાન કરવા માંગતા નથી.આમ બન્ને દેશોની શાંતિ અને લોકોની સારપતા માટે ભારતે બીનશરતી રીતે તેના સૈનિકો વિવાદિત સ્થળેથી પાછા ખેચી લેવા જોઈએ.

સિક્કિમમાં તિબેટ,ભુતાન અને ભારતીય સરહદી ત્રિભેટે ડોકા લા ખાતે છેલ્લા દોઢ મહિનાથી ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલા સરહદી વિવાદમા ચીને ભારતને ધમકાવવાનો પ્રયાસ કરતાં કહ્યુ હતું કે અત્યાર સુધી અમે શાંતિ જાળવવા માટે તમામ પ્રયાસો કર્યા છે પરંતુ અમારા સંયમની મર્યાદા છે.ભારતના વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે સંસદમાં જણાવ્યુ હતું કે દ્વિપક્ષીય સબંધોમાં પ્રગતિ માટે ભારત અને ચીન સરહદ પર શાંતિ જળવાય તે મહત્વનું છે. યુધ્ધ સરહદી વિવાદનો ઉકેલ નથી. જેના જવાબમાં ચીની સંરક્ષણમંત્રાલયના પ્રવક્તા રેન ગુઓક્વિઆંગે જણાવ્યુ હતું કે સરહદે શાંતિ જાળવી રાખવા ભારત પરિસ્થિતિ પર યોગ્ય ધ્યાન આપે.વિવાદ સર્જાયો છે ત્યારથી ચીન શાંતિપુર્ણ ઉકેલ માટે વિવિધ રાજદ્વારી ચેનલો દ્વારા ભારતના સંપર્કમાં રહ્યો છે.ચીની સેના પ્રાદેશિક શાંતિ અને સ્થિરતા તથા દ્વિપક્ષીય સબંધોને ધ્યાનમાં રાખીને ઉચ્ચ સંયમ રાખી રહી છે.જો કે શાંતિ જાળવવાના પણ કેટલાક સિધ્ધાંતો છે અને સંયમની પણ એક મર્યાદા છે.ભારતે વિલંબનો ત્યાગ કરવો જોઈએ. કોઈ દેશે ચીની સેનાની ક્ષમતાઓને ઓછી આંકવી જોઈએ નહીં.

આ સરહદી વિવાદને ધ્યાનમાં રાખીને ભારતીય નૌકાદળમાં દુનિયાની સૌથી ઘાતકી મનાતી સબમરીન આઈએનએસ કાલવરી સામેલ થશે. ઉંડા સમુદ્રમાં મળી આવતી ઘાતકી શાર્ક માછલીનું નામ આ સબમરીનને અપાયું છે.ભારતે । પ્રકારની છ સબમરીન ખરીદવાનો ઓર્ડર આપેલો છે.જેમાંની પહેલી સબમરીન આ મહિનાના અંત સુધીમાં નૌકાદળમાં સામેલ થઈ જશે.

# કાશ્મીરમાંથી આર્ટીકલ ૩૭૦ યથાવત રહેશે અને તેની સાથે ચેડા નહી થાય તેવી ખાત્રી વડાપ્રધાને આપી છે : કાશ્મીરના મુખ્યમંત્રી મહેબુબા

કાશ્મીરના મુખ્યમંત્રી મહેબુબાએ જણાવ્યુ હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આર્ટીકલ ૩૭૦ સાથે ચેડા નહિ કરવાની ૧૦૦ ટકા ખાત્રી આપી છે.તેવો તેમણે દાવો કર્યો હતો.તેઓ(મોદી) પીડીપી-ભાજપ સરકારના એજન્ડાને આગળ ધપાવવા દ્રઢ નિર્ધાર કર્યો છે તેમ તેમણે કહ્યુ હતું.જો મુક્તિનો દાવો સાચો હોય તો આર્ટિકલ ૩૭૦ને નાબુદ કરવાના વચનથી ભાજપ ફરી જશે કે કેમ તેની ચર્ચાઓ શરુ થઈ છે.

રાજ્યને ખાસ દરજ્જો આપતી બંધારણીય જોગવાઈઓને બદલવાના પ્રયાસો સામે તેઓ (મહેબુબા)મદદ માંગી રહ્યા છે તેવા અહેવાલો વચ્ચે તેઓ વડાપ્રધાનને મળ્યા હતા.જો કે ભારતીય જનતા પાર્ટીએ ચુંટણીઓમાં તેમના એજન્ડામાં કાશ્મીરમાંથી ૩૭૦મી કલમ નાબુદ કરવાનું વચન દેશની પ્રજાને આપ્યું હતું. તેમજ ચુંટણી સભાઓમાં પણ આ બાબતે કહ્યુ હતું. હવે જો તેઓ આ બાબતે ફરી જાય તો તેમણે પ્રજાને આપેલ વચન ભંગ ગણાશે જો કે ભાજપ માટે ક્યારે ક્યા અને કેવુ સમાધાન સત્તા માટે કરવું તેમાં કહેવા પણું નથી.


ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ
એ. એમ. મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.